e MAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

**Issue 81**
**Dec. 15, 2006**

## સુરત મહાનગરપાલિકા સતત સાત વર્ષથી સુરત મહાનગરપાલિકાને પ્રથમ ઈનામ

દેશના જવાન તથા શહીદોના નિરાધાર પરિવારની યોગ્ય કદર અને તેઓની સાથે એકાત્મા સાધવા તેમજ માજી સૈનિકો અને તેમના પરિવારોના કલ્યાણ અને પુનર્વસવાટની યોજનાઓમાં મદદરૂપ થવા તારીખ ૭ મી ડિસેમ્બરના રોજ "સશસ્ત્ર સેના ધ્વજદિન" ઉજવવામાં આવે છે. જીલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી, સુરત તરફથી કલેકટર અને પ્રમુખશ્રી, જીલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરીના અધ્યક્ષપણા હેઠળ તા. ૨–૧૨–૨૦૦૬ના રોજ કલેકટર કચેરી ખાતે યોજવામાં આવેલ સમારંભમાં સને–૨૦૦૫ના વર્ષ માટે જીલ્લા કક્ષાએ દેશ સેવાની એક ઉમદા કામગીરી કરી સૌથી વધુ રૂા. ૬,૮૭,૮૦૮/–નો ફાળો એકત્રિત કરવા બદલ સુરત મહાનગરપાલિકાને " પ્રથમ ઈનામ " પ્રાપ્ત થયેલ છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## એચ.આઈ.વી./એઈડ્સ વિરૂધ્ધ ઝુંબેશમાં યુએનડીપી, જીસેકસ અને સુરત મહાનગરપાલિકાનું સંયુકત કદમ . . .

સુરત શહેરમાં ઓરિસ્સા રાજયમાંથી સ્થળાંતરિત થયેલાં લોકોમાં એચ.આઈ.વી./એઈડ્સ વિશે જાગૃતિ લાવવા માટે યુનાઈટેડ નેશન્સ ડેવલપમેન્ટ પ્રોગ્રામ (યુએનડીપી)–ઓરિસ્સા ધ્વારા ઓરિસ્સા અને ગુજરાત સ્ટેટ એઈડ્સ કંટ્રોલ સોસાયટી અને સુરત મહાનગરપાલિકાનાં સહયોગથી સુરત શહેરમાં ઈન્ફોર્મેશન કોમ્યુનિકેશન ટેકનોલોજી (આઈસીટી) સેન્ટરનાં પાયલોટ પ્રોજેકટની શરૂઆત કરવામાં આવી છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## માહે નવેમ્બર ૨૦૦૬–૦૭ દરમ્યાન સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ



સ્મીમેર હોસ્પીટલમાં નવેમ્બર માસ દરમ્યાન ૧૨૪૮૫ ઈન્ડોર તથા ૩૯૪૭૧ આઉટ ડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી. નાના ૪૦૬ તથા ૪૪ મોટા ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા. ૫૦૦૪ એક્ષ–રે પાડવામાં આવ્યા હતા. ટી.બી.ના નવા ૨૧૬ અને જુના ૪૯૬ દર્દીઓ સહીત કુલ ૭૧૨ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. દાંતના રોગો માટે કુલ ૨૨૬૯ દર્દીઓને સારવાર આપવામાં આવી હતી.

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા ધ્વારા વડોદ ગામમાં આરોગ્યલક્ષી જનજાગૃતિ અભિયાન

સુરત મહાનગરપાલિકાના સાઉથ ઝોન (ઉધના) ધ્વારા નવા સમાવિષ્ટ થયેલ વડોદ ગામનાં ગણેશનગરમાં આરોગ્યલક્ષી જનજાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવેલ. નવા સમાવિષ્ટ વિસ્તારો પૈકી વડોદ ગામ ગીચ વસ્તી ધરાવે છે અને સામાન્ય રીતે મીલોમાં કામ કરતાં પરપ્રાંતિય લોકો મોટા પ્રમાણમાં કાચા/પાકા મકાનોમાં વસવાટ કરે છે. આ વિસ્તારમાં પ્રાથમિક સુવિધાનો અભાવ છે. ગ્રામ પંચાયત વખતથી આ વિસ્તાર ગંદકીથી ઉભરાતો હોય અને ઘણી વખત રોગચાળાનો ભોગ બનેલ હતો.

વધુ માટે કલીક કરો >>>>>>

## પૂર દરમ્યાન નોંધપાત્ર કામગીરી બજાવનાર મહાનગરપાલિકાના ૧૧ અધિકારીનું મુખ્યમંત્રીના હસ્તે સન્માન

સુરત ખાતે જિલ્લા સેવા સદન–૨ના મકાનનો ગુજરાત રાજયના મા. મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીના વરદ હસ્તે શિલાન્યાસ વિધિ સમારંભ તા. ૧૦–૧૨–૨૦૦૬, રવિવારના રોજ રાખવામાં આવેલ. સુરત શહેરને ધમરોળી ગયેલા તાપી નદીના તાજેતરના પૂર રાહતમાં પ્રશંસનીય કામગીરી બજાવનાર સુરત મહાનગરપાલિકા તેમજ સરકારના વિવિધ વિભાગોને પ્રોત્સાહન આપવા મા. મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીના હસ્તે મહાનગરપાલિકાના ૧૧ અને રાજય સરકારના ૮ અધિકારીઓ મળી કુલ ૧૯ અધિકારીઓને પ્રશંસાપત્ર આપી સન્માનિત કરાયા હતા.



વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા સતત સાત વર્ષથી સુરત મહાનગરપાલિકાને પ્રથમ ઈનામ

દેશના જવાન તથા શહીદોના નિરાધાર પરિવારની યોગ્ય કદર અને તેઓની સાથે એકાત્મા સાધવા તેમજ માજી સૈનિકો અને તેમના પરિવારોના કલ્યાણ અને પુનર્વસવાટની યોજનાઓમાં મદદરૂપ થવા તારીખ ૭ મી ડિસેમ્બરના રોજ **"સશસ્ત્ર સેના ધ્વજદિન"** ઉજવવામાં આવે છે. જીલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી, સુરત તરફથી કલેકટર અને પ્રમુખશ્રી, જીલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરીના અધ્યક્ષપણા હેઠળ તા. ૨–૧૨–૨૦૦૬ના રોજ કલેકટર કચેરી ખાતે યોજવામાં આવેલ સમારંભમાં સને–૨૦૦૫ના વર્ષ માટે જીલ્લા કક્ષાએ દેશ સેવાની એક ઉમદા કામગીરી કરી સૌથી વધુ રૂા. ૬,૮૭,૮૦૮/–નો ફાળો એકત્રિત કરવા બદલ સુરત મહાનગરપાલિકાને **" પ્રથમ ઈનામ "** પ્રાપ્ત થયેલ છે. જે બદલ રોટેટીંગ ટ્રોફી(ફરતુ શીલ્ડ), કાયમી શીલ્ડ તથા પ્રમાણપત્ર સુરત મહાનગરપાલિકાને એનાયત કરવામાં આવેલ. જે શ્રી જતીન એમ. દેસાઈ, કાર્યપાલક ઈજનેર(જકાત ખાતુ)એ સમારંભમાં ઉપસ્થિત રહી મેળવેલ. આ ઉમદા કાર્યમાં સુરત મહાનગરપાલિકા, તમામ અધિકારી અને કર્મચારીગણના તન મન ધનના સહયોગથી છેલ્લા છ વર્ષથી સતત સૌથી વધુ ફાળો એકત્ર કરી પ્રથમ સ્થાન મેળવી રહયા છે જે ખાસ નોંધનીય છે.

TOP

## એચ.આઈ.વી./એઈડ્સ વિરૂધ્ધ ઝુંબેશમાં યુએનડીપી, જીસેકસ અને સુરત મહાનગરપાલિકાનું સંયુકત કદમ . . .

સુરત શહેરમાં ઓરિસ્સા રાજયમાંથી સ્થળાંતરિત થયેલાં લોકોમાં એચ.આઈ.વી./એઈડ્સ વિશે જાગૃતિ લાવવા માટે યુનાઈટેડ નેશન્સ ડેવલપમેન્ટ પ્રોગ્રામ (યુએનડીપી)–ઓરિસ્સા ધ્વારા ઓરિસ્સા અને ગુજરાત સ્ટેટ એઈડ્સ કંટ્રોલ સોસાયટી અને સુરત મહાનગરપાલિકાનાં સહયોગથી સુરત શહેરમાં ઈન્ફોર્મેશન કોમ્યુનિકેશન ટેકનોલોજી (આઈસીટી) સેન્ટરનાં પાયલોટ પ્રોજેકટની શરૂઆત કરવામાં આવી છે.

સુરત શહેર અને જિલ્લામાં કુલ ચાર આઈ.સી.ટી. સેન્ટરની સ્થાપના કરવામાં આવી છે. આ સેન્ટર શહેરમાં સુરત મહાનગરપાલિકાનાં આરોગ્ય કેન્દ્ર પાંડેસરા, ઉધના–ખટોદરા અને ફુલપાડા ખાતે જયારે ચોથું સેન્ટર સંજીવની હોસ્પિટલ, ચલથાણની ફિલ્ડ ઓફિસ ખાતે શરૂ કરવામાં આવ્યું છે. આ સેન્ટરને સંચાલન એકતા યુવક મંડળ, જી.એસ.એન.પી.+, લોકદૃષ્ટિ ચેરીટેબલ ટ્રસ્ટ અને સંજીવની હોસ્પિટલ ધ્વારા કરવામાં આવશે જયારે તેની કામગીરીની દેખરેખ સુરત મહાનગરપાલિકાની પ્રોજેકટ કો–ઓર્ડીનેશન ઓફિસ ધ્વારા થશે.

આ ચારેય સેન્ટરનું ઉદ્‌ઘાટન તારીખ ૭ ડિસેમ્બર, ૨૦૦૬નાં રોજ કરવામાં આવ્યું. શહેરમાં આવેલ ત્રણ સેન્ટરનું ઉદ્‌ઘાટન શહેરનાં માનનીય મેયરશ્રી ડો. કનુભાઈ માવાણીનાં હસ્તે કરવામાં આવ્યું હતું. ઉદ્‌ઘાટન પ્રસંગે માનનીય ડેપ્યુટી મેયરશ્રી ડો. સુષ્મા અગ્રવાલ, સુરત મહાનગરપાલિકાનાં હેલ્થ અને હોસ્પિટલ વિભાગનાં ડેપ્યુટી કમિશનરશ્રી ડો. આઈ. સી. પટેલ, ગુજરાત સ્ટેટ એઈડ્સ કંટ્રોલ સોસાયટીનાં જોઈન્ટ પ્રોજેકટ ડીરેકટર શ્રી ડો. રાજેશ ગોપાલ, પ્રોજેકટ સપોર્ટ યુનિટ અને પ્રોજેકટ કો–ઓર્ડીનેશન ઓફિસનાં પ્રતિનિધિઓ, કોર્પોરેટરો, સ્થાનિક અગ્રણીઓ અને લોકો હાજર રહયા હતા. ફુલપાડા હેલ્થ સેન્ટર ખાતે ઉદઘાટન બાદ એક મીટીંગ યોજાઈ હતી. આ પ્રસંગે માનનીય મેયરશ્રીએ આઈ.સી.ટી. સેન્ટરને આજના સમયની જરૂરિયાત જણાવી લોકોને તેની સેવાઓ મહત્તમ લાભ લેવા અપીલ કરી હતી. જયારે ગુજરાત સ્ટેટ એઈડ્સ કંટ્રોલ સોસાયટીનાં જો ડીરેકટરશ્રી ડો. રાજેશ ગોપાલે જણાવ્યું હતું કે આ સેન્ટરની મદદથી લોકોને એચ.આઈ.વી./એઈડ્સ આરોગ્ય વગેરે વિષયક માહિતી મળી શકશે અને સેન્ટરની અન્ય સુવિધાઓ પણ મળી શકશે. આ પ્રસંગે તેમણે સુરત મહાનગરપાલિકાનાં અભિગમને પણ બિરદાવ્યો હતો. મીટીંગ બાદ એચ.આઈ.વી./એઈડ્સ વિશે એક નાટક ઓરિયા ભાષામાં રજૂ કરવામાં આવ્યું હતું. લગભગ ૧૦૦૦ લોકો હાજર રહયા હતા.

આ સેન્ટર ઉપરથી નીચે મુજબની સેવાઓ મળી શકશે.

- એચ.આઈ.વી./એઈડ્સ, આરોગ્ય વગેરેની સાચી માહિતી
- આરોગ્ય અને એચ.આઈ.વી./એઈડ્સ ઉપર વિવિધ માધ્યમો ધ્વારા આઈ.ઈ.સી.
- એચ.આઈ.વી.ની સ્વૈચ્છિક તપાસ અને એન્ટીરેટ્રોવાયરલ સારવાર, કાઉન્સેલિંગ સેન્ટર અને શહેર, જિલ્લા અને ગુજરાત અને ઓરિસ્સા રાજયમાં ઉપલબ્ધ સેવાઓની માહિતી મળી શકશે.
- મનોરંજન માટેની સુવિધા
- સ્થળાંતરિત લોકો અને તેમનાં સંબંધીઓ સાથે વાતચીત કરવા માટે ફોન વગેરેની વ્યાજબી ભાવે સેવાઓ
- ઈન્ટરનેટ, વેબ ચેટીંગ અને ન્યુઝલેટર
- એચ.આઈ.વી./એઈડ્સનાં મુદ્દા અને જોખમોનાં નિવારણ માટે સ્થળાંતરિત લોકોને અનુકૂળ સંદર્ભ સેવા વગેરે.

TOP

# માહે નવેમ્બર ૨૦૦૬–૦૭ દરમ્યાન સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ

સ્મીમેર હોસ્પીટલમાં નવેમ્બર માસ દરમ્યાન ૧૨૪૮૫ ઈન્ડોર તથા ૩૯૪૭૧ આઉટ ડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી. નાના ૪૦૬ તથા ૪૪૪ મોટા ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા. ૫૦૦૪ એક્ષ–રે પાડવામાં આવ્યા હતા. ટી.બી.ના નવા ૨૧૬ અને જુના ૪૯૬ દર્દીઓ સહીત કુલ ૭૧૨ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. દાંતના રોગો માટે કુલ ૨૨૬૯ દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. ફીઝીયોથેરાપી વિભાગમાં કુલ ૨૧૯ તથા આંખ વિભાગમાં ૨૫૧૭ આઉટ ડોર દર્દીઓ નોંધાયા હતા. લેબોરેટરી તથા બ્લડબેંક વિભાગમાં કુલ ૧૦૨૧૮ દર્દીઓનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોએ આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહયા છે.



TOP

## સુરત મહાનગરપાલિકા ધ્વારા વડોદ ગામમાં આરોગ્યલક્ષી જનજાગૃતિ અભિયાન

સુરત મહાનગરપાલિકાના સાઉથ ઝોન (ઉધના) ધ્વારા નવા સમાવિષ્ટ થયેલ વડોદ ગામનાં ગણેશનગરમાં આરોગ્યલક્ષી જનજાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવેલ. નવા સમાવિષ્ટ વિસ્તારો પૈકી વડોદ ગામ ગીચ વસ્તી ધરાવે છે અને સામાન્ય રીતે મીલોમાં કામ કરતાં પરપ્રાંતિય લોકો મોટા પ્રમાણમાં કાચા/પાકા મકાનોમાં વસવાટ કરે છે. આ વિસ્તારમાં પ્રાથમિક સુવિધાનો અભાવ છે. ગ્રામ પંચાયત વખતથી આ વિસ્તાર ગંદકીથી ઉભરાતો હોય અને ઘણી વખત રોગચાળાનો ભોગ બનેલ હતો. સુરત મહાનગરપાલિકાએ આ વિસ્તારમાં ખાસ ધ્યાન કેન્દ્રીત કરી ખુલ્લી ગટરો ખોદીને ઘરવપરાશના પાણીનો નિકાલ કરવાની, ખુલ્લા પ્લોટોમાં થતા પાણીના ભરાવા દૂર કરવાની, કચરાપેટી અને કન્ટેનર મુકીને તેમાં કચરો એકત્ર કરવાની, ખુલ્લા પ્લોટોમાંનો કચરો દુર કરવાની, ધુમ્રશેર કરવાની વિગેરે કાર્યવાહી હાથ ધરી આરોગ્યલક્ષી પગલાં લઈ આ વિસ્તાર રોગમુકત રહે તે માટેના ઘનિષ્ઠ પગલાં ભરવામાં આવી રહયા છે. પરંતુ આ કાર્યવાહીમાં લોકોનો સહકાર મળવો જરૂરી છે. આ વિસ્તારની પ્રજા અલ્પશિક્ષિત, પછાત અને ગરીબ હોય તેઓમાં જનજાગૃતિ લાવવી જરૂરી રહે છે.

આ જનજાગૃતિ અભિયાનના ભાગરૂપે આ વિસ્તારની ઈન્દીરાનગરમાં આવેલ હરિઓમ હિન્દી વિદ્યાલયના અંદાજે ૬૦ જેટલા વિદ્યાર્થી અને વિદ્યાર્થીઓની એક જનજાગૃતિ રેલીનું આયોજન કરવામાં આવેલ હતું. આ રેલીમાં શાળાના બાળકો સમગ્ર વિસ્તારમાં ફર્યા હતા અને આરોગ્યલક્ષી સૂત્રોચ્ચાર કરી લોકોને જાણકારી મળે તે રીતે સૂચનો કર્યા હતા. આ રેલીના આોયજનમાં શાળાના આચાર્ય શ્રીમતિ ઉતરા ઉમાશંકર ગુપ્તા તથા શિક્ષકો શ્રી લાલમન, શ્રી દેવીદયાલસીંગ, શ્રી દિનેશ રામકુબેર પાલ, શ્રી સુનિલ નામદેવ, શ્રી બંસીધર રામહીરા પાંડે અને શ્રી સત્યનારાયણ માસ્તરનો સુંદર સહકાર પ્રાપ્ત થયો હતો. જયારે આ વિસ્તારના આગેવાન નાગરિકો શ્રી હરીવંશ રામશરણ ત્રિપાઠી, શ્રી વિનોદ યાદવ, શ્રી રાજપદ ગુપ્તા, શ્રી રજોલા રામનરેશ સીંગ, શ્રી સુખસાગર ભગવાનદાસ મોર્ય અને શ્રી સિધ્ધગોપાલ પાલનો પણ સહકાર મળ્યો હતો. રેલીમાં ઉધના ઝોનના ડે. ઈજનેર શ્રી પચ્ચીગર, ચીફ એસ. આઈ. શ્રી અમરસિંહ ચૌધરી, એસ. આઈ. શ્રી રાવસાહેબ પાટીલ અને શ્રી જયપ્રકાશ સોલંકી તથા આસી. ઈજનેરશ્રી અમીષ દેસાઈએ પણ ભાગ લઈ માર્ગદર્શન આપ્યું હતું.

TOP

## પૂર દરમ્યાન નોંધપાત્ર કામગીરી બજાવનાર મહાનગરપાલિકાના ૧૧ અધિકારીનું મુખ્યમંત્રીના હસ્તે સન્માન

સુરત ખાતે જિલ્લા સેવા સદન–રના મકાનનો ગુજરાત રાજયના મા. મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીના વરદ હસ્તે શિલાન્યાસ વિધિ સમારંભ તા. ૧૦–૧૨–૨૦૦૬, રવિવારના રોજ રાખવામાં આવેલ. સુરત શહેરને ધમરોળી ગયેલા તાપી નદીના તાજેતરના પૂર રાહતમાં પ્રશંસનીય કામગીરી બજાવનાર સુરત મહાનગરપાલિકા તેમજ સરકારના વિવિધ વિભાગોને પ્રોત્સાહન આપવા મા. મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીના હસ્તે મહાનગરપાલિકાના ૧૧ અને રાજય સરકારના ૮ અધિકારીઓ મળી કુલ ૧૯ અધિકારીઓને પ્રશંસાપત્ર આપી સન્માનિત કરાયા હતા. જેમાં સુરત મહાનગરપાલિકાઓના અધિકારીઓમાં હાલમાં રાંદેર ઝોનના ઝોનલ ચીફ એમ. ડી. દારૂવાળા, વરાછાના ઝોનલ ચીફ જે. કે. શાહ, આસી. કમિ. સી. વાય. ભટ્ટ, ઉધનાના ઝોનલ ઓફિસર જે. એમ. આઝાદ, સેન્ટ્રલ ઝોનના ઝોનલ અધિકારી વી. એમ. જરીવાળા, કાર્યપાલક ઈજનેર કે. એચ. ખતવાણી, ડ્રેનેજ ઈજનેર અને સોલીડ વેસ્ટનો હવાલો સંભાળતા ઈ. એચ. પઠાણ, વરાછા ઝોનના નાયબ આરોગ્ય અધિકારી ડો. અજીત ભટ્ટ, જંતુનાશક અધિકારી ગાયત્રી જરીવાળા, રાંદેર ઝોનના મુખ્ય આરોગ્ય નિરીક્ષક કે. એમ. બંધારા તેમજ રાંદેર ઝોનના ડે. ઈજનેર ડી. આર. ગોહીલનો સમાવેશ થાય છે.



TOP